સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના
ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના બોર્ડમાં પ્રથમ ક્રમે
આવાનાર વિદ્યાર્થીઓને રાજય અને જિલ્લા કક્ષાએ
પ્રોત્સાહક ઇનામ આપવા બાબત.
રૂ. ૬૬.૨૫ લાખ વર્ષઃ- ૨૦૧૪-૧૫

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૪/NB-૭૪૨./અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૦૭/૧૧/૨૦૧૪

**વંચાણમાં લીધાઃ-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩-૦૩-૨૦૦૭ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૬/ન.બા.-૨૪/અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૦૬-૮-૨૦૧૪ નો ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૪/ન.બા.-૭૪૧./અ.૧

(૩) નિયામકશ્રી, (વિ.જા.ક.) તા.૧૧-૦૮-૨૦૧૪નો પત્ર ક્ર વિજાક/શિક્ષણ/૨૦૧૪-૧૫/૨૫૩૧

**સુધારો ઠરાવઃ-**

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ માં રાજય કક્ષાએ માર્ચની પરીક્ષામાં પ્રથમ આવતા વિદ્યાર્થીઓને ઇનામ આપવાની વંચાણ હેઠળના ક્રમાંકઃ-(૧) પરના આ વિભાગના તા.૨૩-૦૩-૨૦૦૭ના ઠરાવથી નીચે મુજબ ઇનામ આપવાની યોજના હાલમાં અમલમાં છે. જેમાં વંચાણ હેઠળના ક્રમાંકઃ(૩) પરના નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ ખાતાના તા.૧૧-૦૮-૨૦૧૪ના પત્રથી કરેલ દરખાસ્ત અન્વયે સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

રાજય કક્ષાએ ધોરણ- ૧૦ માટે

| અનુ. | વિદ્યાર્થીઓ મેરીટ ક્રમ | ઇનામોની સંખ્યા | ઇનામની રકમ |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | ૧ | ૨૫૦૦૦ |

રાજય કક્ષાએ ધોરણ- ૧૨ માટે

| પ્રવાહ | વિદ્યાર્થીઓ મેરીટ ક્રમ | ઇનામોની સંખ્યા | ઇનામની રકમ |
|---|---|---|---|
| સામાન્ય પ્રવાહ | પ્રથમ | ૧ | ૨૫૦૦૦ |
| વિજ્ઞાન પ્રવાહ | પ્રથમ | ૧ | ૨૫૦૦૦ |
| વ્યવસાયલક્ષી પ્રવાહ | પ્રથમ | ૧ | ૨૫૦૦૦ |
| ઉ.બુ. પ્રવાહ | પ્રથમ | ૧ | ૨૫૦૦૦ |

પુખ્ય વિચારણાને અંતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના (ચારેય પ્રવાહો)ના રાજય કક્ષાએ પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને આપવાના ઇનામમાં નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થીનો મેરીટ ક્રમ | ધોરણ-૧૦ માટે ઇનામની રકમ | ધોરણ- ૧૨ (ચારેય પ્રવાહ) સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ, વ્યવસાય લક્ષી પ્રવાહતથા ઉત્તર બુનીયાદી પ્રવાહ માટે ઇનામની રકમ |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | ૩૧૦૦૦ | ૩૧૦૦૦ |
| ૨ | બીજો | ૨૧૦૦૦ | ૨૧૦૦૦ |
| ૩ | ત્રીજો | ૧૧૦૦૦ | ૧૧૦૦૦ |

અન્ય શરતો વિભાગના તા.૦૬-૦૮-૨૦૧૪ ના ઠરાવ મુજબ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી(નાણા)ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી.એમ.ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી,અ, ગ, બ-શાખા, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ.